( ૧૯મા પાનાનું ચાલુ )

જ્યાં ભૃગુરૂષીનો એક છુપો કસ છે. આ કસની આસપાસ બરજીસી જીરમનો પણ કસ છે તે કસમાં વસની એક કન્યાને પેટે વરજાવંદ સાહેબનો જન્મ થયો છે. ઉસ્તાદ સાહેબ બહેરામશાહ એમ કહેતા કે જમીન પરથી સીધું ઉપર ઉડે એવા વિમાનની શોધ થએલી જણાય ત્યારે જાણજો કે વરજાવંદ સાહેબનો જન્મ થઈ ચૂકો છે. સેન ૧૯૪૨ થી ૧૯૪૬ ના અય્યામમાં એવાં વિમાન જે હેલીકોપ્ટરને નામે ઓળખાય છે તેની શોધ થઈ હતી તો તે ગાળામાં વરજાવંદ સાહેબનો જન્મ થયો હતો. ત્યાંથી તેઓને દેમાવંદ અને આઈવિથ્રીષ્ત્રના કશમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેઓને તેમના કામ માટે યોગ્ય શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. તેઓની ઉમર જ્યારે બાવન વર્ષની થશે ત્યારે એટલે શુમારે ૧૯૯૪ થી ૧૯૯૮ ની સાલમાં તેઓ સાહેબની મુબારક આમદ થવાના સંભવો છે.

તેઓ સાહેબના જાહેર થવા આગાઉ હિંદુસ્તાન, પાકિસ્તાનની ત્રીજી લડાઈ થશે અને Neuclear Warheads હિંદુસ્તાનના ઘણા શહેરો પર પડશે અને બન્ને બાજુ ભારે તારાજી થશે. આ લડાઈને અટકાવવા બ્રહ્મશાસ્ત્ર લઈને હિંદુ મહાત્માઓ હિમાલય પરથી નીચે ઉતરી લડાઈ બંધ કરશે અને અંતમાં હિંદુસ્તાન અને પાકીસ્તાન એક થઈ જશે. વળી જોધપુર, ઉદેપુરના રાણાઓના કુટુંબીજનોમાંથી એક સૂર્યવંશી રાજપુત ચક્રવર્તી રાજા રાજ્ય કરશે અને આ રાજા પોતાના પૂર્વજોનો ઈરાન સાથનો સંબંધની યાદમાં બેસશે. આ રાજાના રાજ્યમાં વરજાવંદ સાહેબ જાહેર થઈને "રાજકારણ" પર એક ભાષણ આપશે, પરંતુ તેમને બળવાખોર સમજી કેદ પકડવામાં આવશે. પોતાની રૂહાની તાકાતથી તેમાંથી બહાર આવતાં બીજી વાર કેદ કરવામાં આવશે તેમાંથી પણ છૂટા થઈ જશે. એમ કહેવામાં આવે છે કે ઉસ્તાદ સાહેબ બેહરામશાહ દેમાવંદના કસમાંથી પોતાને ઘરે જવા બહાર પડ્યા હતા ત્યારે તે કસના સાહેબોઓ પોતાના તરફથી એક રૂક્કો આ જોધપુર, ઉદેપુરના રાણાઓને પહોંચાડવા આવેલો જે બેહરામશાહજીએ પહોંચાડયો હતો. બીજી વખત જેલમાંથી છુટ્યા વરજાવંદ સાહેબની ઓળખ લઈને હીંદુ ધર્મના કલકી અવતારની વાતો પૂછશે.

પારસીઓને હિંદુસ્તાનમાંથી કોઈ હાંકી કાઢવાનું નથી, પરંતુ પારસીઓને હિંદની બહુ મોટી સેવા બજાવવાનો મોકાઓ ઉભા થશે.



શાયર હકીકી આ દુનિયાની ભલી અને બુરી ચીજોમાંથી જે ત્રણ ચીજ માંગી તે (૧) લાલ રંગના હોઠ (૨) લાલ શરાબ અને (૩) જરથોસ્તી દીન.

આપણી જરથોસ્તી દીનની આવી બુઝોર્ગી છે અને તેની એવી સરજત છે. વરજાવંદ સાહેબ વહેલા જાહેરમાં આવે અને જરથોસ્તી ધર્મ તેના અસલ રૂપમાં ફરી પાછો સજીવન થઈ કુલ જગતને તેને મોક્ષ જલદી મેળવવામાં મદદરૂપ થાય એવી દુવાઓ સાથે વકતાએ પોતાનું ભાષણ પુરૂં કર્યું હતું. ★